# શહેરમાં હજુ વ્યાપક પ્રમાણમાં રેન્ડમ ટેસ્ટીંગ અનિવાર્ય છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસનો પોઝીટીવ કેસ હવે એક પણ રહ્યો નથી. સમાચાર આનંદના છે અને ગૌરવના છે. ગાંધીનગરના આરોગ્યકર્મીઓ ખાસ કરીને સિવિલ હોસ્પિટલના ડૉ. દિનકર ગોસ્વામી અને સમગ્ર ટીમને લાખ-લાખ અભિનંદન. એજ રીતે ડી.એસ.પી. મયુરસિંહ ચાવડા અને શહેર જિલ્લાના પોલીસકર્મીઓને પણ ગૌરવભરી સલામ છે. શહેરના મેયર રીટાબેન પટેલ, ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા અને મનપાનું તંત્ર પણ અભિનંદનને અધિકારી છે અને સૌથી વધુ અભિનંદન શહેરના

**સમયસર**

શિક્ષિત અને સમજદાર નાગરીકોને છે કે જેમણે લોકડાઉનની આચારસંહિતાનું અક્ષરસહ પાલન કર્યુ છે.

પરંતુ આજે વાત આવતીકાલની કરવી છે આજે તો કોરોનાનો એક પણ કેસ નથી, પરંતુ આવતીકાલે પણ ના હોય તેવુ કેમ ના વિચારી શકાય. એવું આયોજન કેમ ના કરી શકાય. મહાનગરપાલિકા માસ સેમ્પલિંગની પહેલ કેમ નથી કરતું..?! વારંવાર સુચનો થાય છે. મુખ્યમંત્રીથી લઈ અગ્રણી નાગરીકો દ્વારા પણ માસ સેમ્પલિંગના સુચનો કરાય છે. ત્રણ સવા ત્રણ લાખની વસ્તી ધરાવતા રાજ્યના પાટનગર ગાંધીનગરને સામુહિક આરોગ્ય ચકાસણીની પ્રક્રિયામાં શું અવરોધક છે ? અને કદાચ કંઈ ખુટતુ કરતું હોય તો મોસાળમાં મા પીરસનારી હોય તેમ આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી પણ ગાંધીનગરમાં જ છે. આનુ આયોજન સવેળા થવું જ જોઈએ એવો સ્પષ્ટ મત શહેરમાં પ્રવર્તે છે.

શહેરના ૩૦ સેક્ટરોમાં તબક્કાવાર ૧૦-૧૦નું સેમ્પલીંગ થાય તો પણ ૩૦૦ રેન્ડમ ટેસ્ટીંગ થઈ શકે. જે કદાચ આવડા મોટા મનપાના તંત્ર માટે માત્ર એક કે બે દિવસની જ વાત છે. ખાસ કરીને ગીચ વસ્તીવાળા વિસ્તારોને પ્રાથમિકતા આપવી જોઈએ. અને ત્યાં વધારે રેન્ડમ સેમ્પલ લેવા જોઈએ. રાજ્યનું સૌથી મોટુ હોટસ્પોટ અમદાવાદ બની રહ્યું છે ત્યારે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનો વાહનવ્યવહાર કે વેપાર વ્યવહાર અટકાવવો અઘરો છે. એટલે જ પાણી પહેલા પાળ બાંધવાની નીતિ અપનાવવી જોઈએ. હજુ વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રોટોકોલ મુજબ ભલે ૨૮ દિવસ બાદ ગાંધીનગર કોરના મુક્ત બને, પરંતુ મહાનગરપાલિકા તંત્ર દ્વારા અમદાવાદની જેમ તમામ વોર્ડમાં રેન્ડમ સેમ્પલીંગ કરી આવતીકાલની દહેશતને દૂર કરવી જોઈએ.

# ગાંધીનગર જિલ્લાના માર્કેટ યાર્ડોમાં પાકની આવક વધી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલથી ચાર માર્કેટયાર્ડોએ કામગીરી આરંભી દીધા બાદ આજે તેમાં વધુ ગતિ આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે ૧૧૫થી વધુ ખેડૂતો દ્વારા તેમના ખેતી પાકના ઉત્પાદનો માર્કેટમાં વેચવા ગયા હતા. બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૧૬૦૦ ક્વીન્ટલથી પણ વધુની આવક આજે માર્કેટયાર્ડોમાં થઈ હતી. ખેડૂતોને સરેરાશ ૩૫૮ જેટલો ભાવ ઘઉંનો મળવા પામ્યો છે. જિલ્લામાં ઘઉંના પાકની સારી આવક દહેગામ અને કલોલ માર્કેટયાર્ડમાં થવા પામી છે.




અનોખી પહેલ - લોકડાઉન પૂર્વે ગરમીના આગમનના એંધાણ વર્તાતા તે સમયે શહેરમાં અનેક સ્થાનો પર શેરડીના કોલાવાળાઓએ પોતપાતાના સ્થાન જમાવ્યા હતા... શેરડીના જથ્થાબંધ ખરીદીના ઓર્ડરો પણ અપાયા હતા... અને જોતજોતામાં તો શેરડીના ઢગ શહેરમાં ઠેર ઠેર ખડકાયા હતા... પરંતુ કમનસીબે કે ઉનાળાનું આગમન થાય તે પહેલા જ લોકડાઉન અમલી બન્યું... અને હજુ ક્યારે શું, કેમ... કોઈનેય ખબર નથી... ત્યારે નુકસાનના વાદળો વચ્ચે પણ એક નાનકડો શેરડીના કોલાવાળો પોતાની શેરડીના જથ્થાને ટુકડામાં વહેંચી અબોલ પશુઓને ખવડાવી રહ્યો છે... પૈસા કમાવવા કરતાં આપવાની તાકાત ખૂબ મોટી હોવી જોઈએ... નાના માણસની મોટી વાતો કેટલો મોટો સંદેશ વર્તમાન સંજોગોમાં આપી જાય છે...

# હજુ શહેરના સેક્ટરોમાં રેન્ડમ ટેસ્ટીંગ હાથ ધરાયુ નથી

## સેક્ટરોમાં અર્બન હેલ્થ સેન્ટરની મદદથી રેન્ડમ ટેસ્ટીંગ કરવામાં આવે તે અનિવાર્ય

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના અત્યાર સુધી ૧૭ કેસ નોંધાયા છે જયારે હાલની સ્થિતિએ શહેરમાં એકપણ પોઝિટીવ કેસ નથી. શહેર કોરોના મુક્ત હોવાની જાહેરાત પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. પરંતુ હજુ સુધી સેકટરોમાં કોરોનાના જરૂરી ટેસ્ટ કરાયા નથી. અલબત્ત રેન્ડમ ટેસ્ટીંગ શરૂ થયુ નથી. સેકટરોમાં અર્બન હેલ્થ સેન્ટરના માધ્યમથી જુદા જુદા વિસ્તારમાંથી નમુના લઈને ટેસ્ટીંગ કરવામાં આવે તો ચિત્ર વધુ સ્પષ્ટ થાય તેવી પણ લાગણી પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે.

ગાંધીનગર કોરોના મુક્ત જાહેર કરાયુ છે. હાલની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક પણ કેસ નથી. શહેરમાં દુબઈથી આવેલા ઉમંગ પટેલને કોરોના પોઝિટીવ આવ્યા બાદ તેના પરિવારજનો પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. આવા સંજોગોમાં શહેરી વિસ્તારમાં કોરાનાના દર્દીઓનુ પ્રમાણ વધશે તેમ પણ મનાઈ રહ્યુ હતુ. જયારે કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનનો કડક અમલ સહીત પોલીસ તંત્રની કામગીરી પણ અસરકારક પુરવાર થઈ છે.

જયારે બીજીતરફ શહેરમાં કોરોનાના વાયરસને અનુલક્ષીને હજુ સુધી પુરતા ટેસ્ટ ન થયા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં હાલ કોરોનાની મહામારીને અનુલક્ષી શંકાસ્પદ માલુમ પડતા દર્દીઓની તપાસ કરવામાં આવે છે. પરંતુ અમદાવાદની જેમ હજુ સેકટરોમાં કોરોના વાયરસને અનુલક્ષી પુરતા ટેસ્ટીંગ થતા નથી.

શહેરમાં સ્થિત ચાર અર્બન હેલ્થ સેન્ટરના માધ્યમથી સેકટરોમાં રેન્ડમ ચેકીંગ કરવામાં આવે તે અનિવાર્ય છે. સેકટરોમાં હાલ લોકડાઉનની અસર વચ્ચે નાગરિકો સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવે છે. જયારે કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ નાગરિકો આકરી ગરમીના લીધે સવારે તેમજ સાંજે જ જરૂર મુજબ નજીકના શોપિંગમાં જાય છે. પરંતુ હજુ નાગરિકોમાં કોરોનાને અનુલક્ષી વધુ ભય છે. કોરોનાનો ચેપ આગળ વધતા અટકાવવા માટે સાવધ અને સતર્ક રહેવુ અનિવાર્ય છે. પરંતુ નાગરિકોમાં બિનજરૂરી ભય દુર કરવા માટે પણ તંત્રએ આવશ્યક પગલા લેવાની અનિવાર્યતા છે.

શહેરમાં હાલ કોરોનાનો એક પણ કેસ નથી તે મહત્વની બાબત છે. પરંતુ સેકટરોમાં હજુ સુધી કોરોનાની મહામારીના સંજોગોમાં પુરતા ટેસ્ટીંગ થયા નથી ત્યારે આ મામલે પણ યોગ્ય આયોજન થાય તે અનિવાર્ય છે. સેકટરોમાં સ્થિત અર્બન હેલ્થ સેન્ટરના માધ્યમથી રેન્ડમ ચેકીંગ હાથ ધરવાની અનિવાર્યતા છે. જેથી આગામી દિવસોમાં કોરોના મામલે વધુ સ્થિતિ સ્પષ્ટ થઈ શકે.

# શહેરમાં આંતરિક સફાઈ પર ધ્યાન આપી વાતાવરણ આરોગ્યપ્રદ બનાવો : મેયર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના જાહેર માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ પર તંત્ર ધ્યાન આપે અને આ મુદ્દે ખાસ ઝુંબેશનો કાર્યક્રમ પણ તૈયાર કરવો જોઈએ તેવો પત્ર મેયર રીટાબેન પટેલે મ્યુનિ. કમિશનરને લખ્યો છે.

લોકડાઉનની સ્થિતિમાં ગાંધીનગર શહેરની આંતરિક માર્ગોની સફાઈ કામગીરી લગભગ બંધ થઈ ગઈ છે.

કમિશનરને લખેલા પત્રમાં મેયરે જણાવ્યુ છે કે લોકડાઉનને કારણે મુખ્ય રસ્તાઓ પર ઓછી અવર-જવરને કારણે સાફ-સફાઈની કામગીરી ઓછી રહે છે. સેક્ટરોમાં આંતરિક જગ્યાઓ, શોપીંગ સેન્ટરો, કોમન પ્લોટ રસ્તાઓ તેમજ સોસાયટીના આંતરિક રસ્તાઓની સફાઈ આરોગ્યની દૃષ્ટિએ જરૂરી જણાય છે. આ તમામ જગ્યાઓ પર તાત્કાલિક સફાઈની કામગીરી કરવા તેમજ શહેરનું વાતાવરણ વધુ સારૂ-સુથરૂ અને આરોગ્યપ્રદ બનાવવા તાત્કાલિક આયોજન કરી કામગીરી હાથ ધરવા પણ મેયરે જણાવ્યુ છે.

શહેરની આંતરિક સફાઈને લઈ મેયરે તંત્રને કરેલી ટકોરથી આ મુદ્દો રાજકારણમાં વધુ એક વખત ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## લારીમાં શાક વેચતા લોકોનું પણ હવે મનપા સ્ક્રીનીંગ કરશે

ગાંધીનગર શહેરમાં છુટક શાકભાજીનો વેપાર કરતા લારીવાળાઓનું મનપા દ્વારા ટેમ્પરેચર ગનથી સ્ક્રીનીંગ કરવામાં આવશે. અમદાવાદમાં શાકભાજી માર્કેટના વેપારીઓને આવેલા કોરોના પોઝીટીવને પગલે આજે સ્થાયી સમિતિના ચેરમેને લારીવાળાઓનું પણ સ્ક્રીનીંગ કરવું જોઈએ તેવું સૂચન કરતાં તંત્ર એ આ નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં ચાર જેટલી ટીમો દ્વારા આ સ્ક્રીનીંગ જુદા જુદા વિસ્તારોમાં શરુ કરવામાં આવશે. શહેરમાં કરોનાના નવા કેસ ન મળે તે માટે હવે તંત્ર વધુ સતર્ક બની ગયું છે.

# કોલવડા -રાંધેજા વિસ્તારમાં ફરી દિપડાએ દેખા દીધી

## ગ્રામજનોમાં ફફડાટ : દિપડો હોવા અંગે વનતંત્રને જાણ કરવામાં આવતા સર્ચિંગ હાથ ધરી પાંજરુ મુકાયુ

ગાંધીનગર તા ૨૧

કોલવડા ગામમાંથી દિપડો પાંજરે પુરાયા બાદ હજુ પણ આ વિસ્તારમાં બીજો દિપડો હોવાનુ ધ્યાને આવ્યુ છે. સ્થાનિક ગ્રામજનોએ દિપડો જોતા આ અંગે વનતંત્રને જાણ કરવામાં આવી છે. વનતંત્રએ પણ કોલવડા રાંધેજા વિસ્તારમાં દિપડાને કેદ કરવા માટે સર્ચિંગ હાથ ધર્યુ હતુ. આ વિસ્તારમાં પાંજરુ મુકીને દિપડાને જલદીથી કેદ કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

ગાંધીનગર નજીક કોલવડા ગામની આર્યુવેદિક કોલેજમાં થોડા દિવસો અગાઉ જ દિપડાએ દેખા દેતા વનતંત્ર દોડતુ થયુ હતુ. આખરે સફાઈ કામદાર મહીલાની સમયસુચકતાના લીધે દીપડાને ટોઈલેટમાં લોક કરી દેવાતા વનતંત્રએ શુટગનની મદદથી દિપડાને બેભાન કરીને પાંજરામાં કેદ કરી લીધો હતો. જયારે દિપડો પકડાયો હતો ત્યારથી હજુ આ વિસ્તારમાં બીજો દિપડો આંટા મારતો હોવાની વાત પણ કાને સંભળાતી હતી. જયારે આજે કોલવડા અને રાંધેજા વિસ્તારમાં દીપડો ફરતો જોયો હોવાની વાત પણ ધ્યાને આવી છે. સ્થાનિક ગ્રામજનો અને ખેડુતોએ આ વિસ્તારમાં દિપડો હોવાનુ જણાંવતા વનતંત્ર કામે લાગ્યુ છે. જેના અંતે વનતંત્રએ સર્ચિંગ હાથ ધર્યુ હતુ. જેને અનુલક્ષી વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે પાંજરુ પણ મુકી દીધુ છે. છેલ્લા બે વર્ષથી ગાંધીનગર સહીત આસપાસના ગામો અને નદીકીનારાના વિસ્તારમાં દિપડો દેખા દેતા હોવાનુ અનેકવાર ધ્યાને આવે છે. દિપડા માટે ગાંધીનગર આસપાસનો વિસ્તાર હોટ ફેવરીટ બનતો જાય છે. કોરોનાનો કેસ નોંધાયા બાદ કોલવડામાં દિપડાના આંટાફેરા તંત્ર માટે વધુ ચિંતાનો વિષય બન્યો છે. ગાંધીનગર જિલ્લામાં કોરનાને ડામવા માટે કાર્યરત તંત્ર માટે દિપડો પણ ચિંતાનો વિષય બન્યો છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે આમપણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર પણ સુમસામ બન્યા છે. ત્યારે નદી કીનારાના ગામો અને જંગલ વિસ્તારમાં જાનવરો પણ વધુ બિન્દાસ્ત બનીને ફરતા થયા છે. જયારે દિપડાએ ફરીવાર દેખા દેતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે.



આકરી ગરમી પડી રહી છે ત્યારે અચાનક જ વાતાવરણમાં પલ્ટો સર્જાયો છે. બપોરે આકાશમાં અચાનક વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાતાવરણમાં આવેલા અચાનક પલ્ટાથી આશ્ચર્ય સર્જાયું છે.

# સેકટરોમાં નાગરિકોને પાડોશી ધર્મ નિભાવવા માટે મહામંડળની અપીલ

ગાંધીનગર તા ૨૧

શહેરમાં કોરોના વાયરસની મહામારીને અનુલક્ષી હાલ સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ યોગ્ય પાલન કરવા માટે મહામંડળે અપીલ કરી છે. જયારે સેકટરોમાં દુખદ અવસાન પ્રસંગે માનવતાવાદી અભિગમ દાખવી નાત જાત અને ધર્મ ભુલીને સઘળી મદદ પુરી પાડવા અને પાડોશી ધર્મ પાળવા માટે પણ નાગિરકોને વિનંતી કરી છે. શહેરમાં કોરોના વાયરસની મહામારીને અનુલક્ષીને હાલ અવસના જેવા દુખદ પ્રસંગે પણ વધુ વ્યકિતઓને ભેગા થવા પર પ્રતિબંધ છે. જયારે અવસાન જેવા બનાવોને અનુલક્ષી સરકારી નિયમનુ પાલન કરવા મહામંડળે અપીલ કરી તેની સાથે નગરજનોને પાડોશી ધર્મ નિભાવવા માટે પણ અપીલ કરી છે. નગરજનોને દુખદ પ્રસંગે જરૂરી મદદ પુરી પાડવા માટે પણ મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાવ્યુ છે. શહેર વસાહત મહામંડળના શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી નિલેન્દુ વોરા,મયુર વ્યાસ , મુકેશ શુકલ અને ભુપેન્દ્ર મહેતા સહીતના આગેવાનોએ આ અંગે નગરજનોને અપીલ કરતા જણાંવ્યુ છે કે કપરા સમયગાળામાં પણ પડોશી ધર્મનુ પાલન થાય તેની સાથે માનવતાનો અભિગમ વિસરાય નહી તેની સતત કાળજી રાખવી અનિવાર્ય છે.નાત, જાત ધર્મ ભુલી સેકટરોમાં અવસાન જેવા દુખદ પ્રસંગે પાડોશી ધર્મ નિભાવીને માનવતા દાખવવા પણ જણાંવાયુ છે.




ચહલ-પહલ - શહેરમાં સોમવારથી સરકારી કચેરીઓ શરૂ થતાં શહેરના માર્ગો પર ચહલ-પહલ દેખાય છે.. કચેરીના સમયે આવાગમન કરતાં કર્મચારીઓ નજરે પડતાં હતા... સાથો સાથ બેંકીંગ ક્ષેત્રે પણ કામગીરી ચાલુ હોવાથી શહેરમાં બેંક વિસ્તારમાં અવરજવર દેખાતી હતી...

# ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ કઠોર પગલાઓ લેવાશે : શિનાવંદ ઝા

## હજુ સુધી ૪૪ કર્મીઓને ચેપ લાગ્યો છે : અમદાવાદમાં કર્ફ્યુ ભંગના વધુ ૧૩૫ ગુના દાખલ કરીને ૧૬૩ની ધરપકડ થઈ : સીસીટીવીથી ૧૨૯ ગુના નોંધાયા

અમદાવાદ, તા. ૨૧

કોવિદ-૧૯ સામેની લડતમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ અને માસ્કના ઉપયોગની સાથે-સાથે લોકો સ્વયં જવાબદાર બને અને બીજાને પણ જવાબદાર બનાવે તે બાબત ઉપર ભાર મુકતા રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ કહ્યું હતું કે, કર્ફ્યુગ્રસ્ત ત્રણ શહેરો - અમદાવાદ, સુરત અને રાજકોટના કેટલાક વિસ્તારો કે જ્યાં હજુપણ કર્ફ્યુમુક્તિ વખતે લોકો સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન ન કરી, બેજવાદારીથી વર્તતા હોવાનું જોવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં આ ત્રણેય શહેરોના કરફ્યુગ્રસ્ત વિસ્તારમાં કર્ફ્યુ સમયગાળો વધારીને ૨૪ એપ્રિલ, ૨૦૨૦ સવારે ૬.૦૦ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે.

પોલીસ અને આરોગ્ય કર્મચારીઓ ઉપર કોઈપણ પ્રકારના હુમલા સાંખી લેવાશે નહિ અને આ અંગે સખત વલણ અખત્યાર કરતા રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ અત્યંત સ્પષ્ટતા સાથે જણાવ્યું હતું કે, પોલીસ અને આરોગ્ય કર્મચારીઓ સામેના હુમલા વિરુદ્ધ ‘‘ઝીરો ટોલરન્સ‘‘ની નીતિ આપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવશે. ઝાએ ઉમેર્યું હતું કે, નસવાડી તાલુકામાં પોલીસ ઉપર તા.૧૬ એપ્રિલ, ૨૦૨૦ના રોજ હુમલો કરનારા ચાર આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેમની ઉપર ‘‘પાસા‘‘ લાગુ કરીને ચારેયને અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની અલગ-અલગ જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.

ઝાએ જણાવ્યું હતું કે, કરફ્યુગ્રસ્ત વિસ્તારોના લોકો સામેથી જ નિયમોનું પાલન કરીને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવે; જેથી પોલીસને તેમની સામે કોઈ કાર્યવાહી કરવાની કે દરમિયાનગીરી કરવાની જરૂર જ ઉત્પન્ન ન થાય.

# શહેરમાં કમળાના કેસોએ દેખા દેતાં તંત્ર હરકતમાં આવ્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં પુનઃ એકવાર કમળાના કેસોએ દેખા દીધી છે. હવે તંત્રની ચિંતામાં આ નવો વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૪, ૧૩, ૨૪માં આ કમળાના કેસો દેખાયા છે. તંત્ર દ્વારા આ સેકટરોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવવાના આદેશો પણ જારી કરવામાં આવ્યા છે.

તંત્રએ લોકડાઉનની આ પરિસ્થિતિમાં દેખાયેલા કેસોને પગલે પાટનગર યોજનાને પાણીમાં ક્લોરિનેશનનું પ્રમાણ વધારવા માટેની સૂચના આપતો પત્ર પણ લખ્યો છે. આ ઉપરાંત આ સેક્ટરોમાં ક્યાંક લિકેજીસ તો છે નહિ તે શોધવા માટે પણ ટીમોને કામે લગાડી છે.

શહેરમાં થોડા દિવસોથી કમળાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે તેથી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

જોકે તંત્રએ દાવો કર્યો છે કે ઉનાળાના કારણે આવા છુટા છવાયા કેસો મળતા હોય છે પણ રોગચાળાની કોઈ સ્થિતિ નથી. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com